**અમદાવાદના મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ સમક્ષ.**

**એમ.એ.ટી.પરચુરણ અરજી નં.૮/૨૦૨૧.**

**આંક–૫.**

**એપેલેન્ટ :–**

**૧.** **મહેશ પુરન,**
હે. બ્લોક નં.ર, રૂમ નં.પ૬, રામદેવ ફ્લેટ,
ભગવતી નગર પાસે, ઓઢવ, અમદાવાદ.
**૮/૦. અમદાવાદ મીલ મઝદૂર યુનિયન,**
રાજપુર ટોલનાકા, અમદાવાદ.

**: વિ રૂ ઘ્ધ :**

**રીસ્પોન્ડન્ટ :–**

**૧.** **રીજીયોનલ ડાયરેકટરશ્રી,**
કર્મચારી રાજય વીમા નિગમ, એસીક ભવન,
આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.

**વિષય :** **ઈ.એસ.આઈ.એકટના નિયમ–૨૦(એ) પ્રમાણે વિલંબ માફીની અરજી.**

એપેલેન્ટ તરફે : પ્રતિનિધી શ્રી એ. જી. પાંડે.
રીસ્પોન્ડન્ટ તરફે : શ્રી આનંદ વાઘેલા.

**:: ચુ કા દો ::**

**(૧)** આ કામના અરજદારની આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકત મુજબ અરજદારનો **વીમા કાર્ડ નં.૫૫૮૯૨૫૩** અને **એમ.બી. કેસ નં.૬૫૮/ઓઢવ ૨** છે. અરજદારને ચાલુ કામ દરમ્યાન ઉપરી અધિકારીશ્રી ધ્વારા બતાવવામાં આવેલું કામ કરતી વખતે અરજદારના ડાબા હાથનાં અંગૂઠા તેમજ પ્રથમ અગળીમાં ગંભીર અકસ્માત થયેલ, જે અકસ્માતથી અરજદારને કાયમી ખોડ રહી જવા પામેલ છે. અરજદારને મેડીકલ બોર્ડ તા.૨૫/૦૧/૨૦૧૩ ના રોજ તપાસના અંતે અને યોગ્ય તપાસ કર્યા

વિનાં કાયમી ખોડ તરીકે **૨૭%** નુકસાનીની આકારણી કરી તે અંગે પત્રથી અરજદારને જાણ કરેલ. અરજાદરને જાણકારીનો અભાવ હોય આ અપીલ સમય મર્યાદામાં દાખલ કરી શકેલ નથી. અપીલ દાખલ કરવામાં **૮ વર્ષ**નો વિલંબ થયેલ હોય તે કોન્ડોન કરવા અરજ કરેલ છે. વધુમાં અરજ કરેલ છે કે ઈ.એસ.આઈ. એકટનો હેતુ ઘ્યાને લેતાં આ અરજી મંજૂર કરવા અરજ કરેલ છે. વિલંબ માફીની અરજી મંજૂર કરવામાં ન આવે તો અરજદારને આર્થિક અને શારીરિક રીતે નુકશાન જાય તેમ છે. અરજદારની અરજી મંજૂર કરવામાં આવે તો સામાવાળાને કોઈ પ્રેજયુડાઈસ થાય તેમ નથી. અરજદારે વિલંબ માફીની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૨) આ કામમાં સામાવાળાને આ કામની નોટીસ બજેલ છે. સામાવાળાએ વિલંબ માફી સબંધે કોઈ જવાબ રજૂ કરેલ નથી. સામાવાળાના અધિકારીશ્રીએ વિલંબ માફીનું યોગ્ય કારણ ન હોવાનું જણાવી આ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે અરજદારના પ્રતિનિધિશ્રી તથા સામાવાળાના અધિકૃત અધિકારીશ્રીને સાંભળવામાં આવ્યા.

(૪) અરજદારની અરજી ઘ્યાને લેતાં અરજદારને હાલની અપીલ દાખલ કરવામાં **૮ વર્ષ**નો વિલંબ થયેલ હોવાનું જણાઈ આવે છે.

(૫) રેકર્ડ ઘ્યાને લેતાં આ કામે મેડીકલ બોર્ડનો નિર્ણય આવ્યા બાદ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરવામાં ૮ વર્ષનો વિલંબ થયેલ છે. યોગ્ય જાણકારીના અભાવે નિયત સમયમાં અપીલ દાખલ ન થવાના કારણે આ ડીલે કોન્ડોન અરજી દાખલ કરેલ છે. અરજી સાથે એમ.એ.ટી. અપીલ પણ રજૂ રાખેલ છે. સદર અરજી વિરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. નામદાર સુપ્રિમ કોર્ટે **રવિ –વિ– રીલાયન્સ જનરલ ઈન્સ્યુરન્સ કંપની. ૨૦૧૭ ।। સી.એલ.આર.–૯૮૭** તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે **ઉસ્માન રોજન –વિ– ઈ.એસ.આઈ.કોર્પોરેશન અમદાવાદ. ૧૯૮૩ જી.એલ.એચ.–૭૩૬** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત તથા ઈ.એસ.આઈ.

કાયદાનો સામાજીક, આર્થિક ઉદ્દેશ ધ્યાને લેતાં અરજદારની આ અરજીની વિગતો ધ્યાને લેવા યોગ્ય જણાય છે. વળી, ઈ.એસ.આઈ. એકટ કામદારોના લાભાર્થે બનેલો સામાજિક કાયદો છે. ઓછું ભણેલા અને કાયદાથી અજાણ માણસ ટેકનીકલ કારણસર હકથી વંચિત ના રહે તે ધ્યાને રાખતા સમય મર્યાદામાંથી મુકિત આપવાનું અરજીમાં જણાવેલ કારણ ગ્રાહય રાખવામાં આવે છે. તેમજ સમય મર્યાદામાંથી મુકિત આપી એમએટી ફર્સ્ટ અપીલનો નિર્ણય ગુણદોષ ઉપર કરવામાં આવે તો સામાવાળાને કોઈ નુકશાન જાય તેમ જણાઈ આવતુ નથી. કોઈ કામદાર તેઓને કાયદાથી મળેલ હકથી વંચિત રહી જાય તે ન્યાયી અને વ્યાજબી જણાતુ નથી. જેથી અપીલ લાવવામાં થયેલ વિલંબ માફ કરવાનું ન્યાયી અને વ્યાજબી જણાતું હોઈ અરજદારની હાલની અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) અરજદારની આંક-૧ ની સમય મર્યાદામાંથી મુકિત આપવાની અરજી આથી "**મંજૂર**" કરવામાં આવે છે. અરજદારની મુળ એમ.એ.ટી. ફર્સ્ટ અપીલ રજીસ્ટરે લેવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ : ૧૬/૦૫/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
ચેરમેન,
મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ,
મજૂર અદાલત નં.૧, અમદાવાદ.
**CODE-GJ00883**

HMPRAJAPATI:P.A.